7 ઘન અને પ્રવાહીના ગુણધર્મો

(1) જવાબ [C]

ધારો કે રબરની દોરીની મૂળ લંબાઈ l છે, તો તેના એકમ વધારા પર લાગતું બળ K છે.

$T_1 = K(l_1 - l)$ અને $T_2 = K(l_2 - l)$

$\therefore T_2 - T_1 = K(l_2 - l_1)$

$$K = \frac{T_2 - T_1}{l_2 - l_1} = \frac{4-3}{l_2 - l_1} = \frac{1}{l_2 - l_1} \text{ અને}$$

$$Y = \frac{T_1}{A} \times \frac{l}{l_1 - l} = \frac{T_2}{A} \frac{l}{l_2 - l}$$

$$\therefore \frac{T_1}{l_1 - l} = \frac{T_2}{l_2 - l}$$

$$l = \frac{T_2 l_1 - T_1 l_2}{T_2 - T_1} = \frac{4l_1 - 3l_2}{4-3}, \; l = 4l_1 - 3l_2$$

જ્યારે ખેંચાણબળ 7 N થશે ત્યારે નવી લંબાઈ l_3 થશે.

$\therefore T_3 = K(l_3 - l)$

$$\therefore 7 = \frac{1}{l_2 - l_1}[l_3 - 4l_1 + 3l_2] \text{ અથવા}$$

$l_3 = 4l_2 - 3l_1$

(2) જવાબ [C]

સળિયાના પરિભ્રમણને લીધે ઉત્પન્ન થતું કેન્દ્રત્યાગીબળ સળિયાના ગુરુત્વકેન્દ્ર ઉપર લાગે છે. એટલે કે બંને છેડા ફિટ કરેલા સળિયાના મધ્યમાં $\frac{l}{2}$ અંતરે લાગે છે.

આથી, મહત્તમ કેન્દ્રત્યાગીબળ

$$F_{max} = M\omega^2 \left(\frac{l}{2}\right)$$

$$= Al\rho \times 4\pi^2 f^2 \times \frac{l}{2} = 2Al^2\pi^2\rho f^2$$

F_{max} = બ્રેકિંગ પ્રતિબળ × આડછેદનું ક્ષેત્રફળ

$= 3 \times 10^9 \times A$

$\therefore 2Al^2\pi^2\rho f^2 = 3 \times 10^9 \times A$

$$f = \sqrt{\frac{3 \times 10^9}{2l^2\pi^2\rho}} = \sqrt{\frac{3 \times 10^9}{2 \times 1^2 \times (3.14)^2 \times 6000}}$$

$= 159 \; rps$

(3) જવાબ [D]

આપેલ સળિયો નિયમિત હોવાથી, તેનું અડધું વજન તેના મધ્યબિંદુ પર લાગતું કલ્પી શકાય.

$\therefore$ મધ્યબિંદુ પર ઉદ્ભવતું પ્રતિબળ

$$\sigma = \frac{\text{લટકાવેલા પદાર્થનું વજન + સળિયાના અડધા ભાગનું વજન}}{\text{આડછેદનું ક્ષેત્રફળ}}$$

$$= \frac{Mg + M\frac{g}{2}}{A} = \frac{3Mg}{2A}$$

$$= \frac{3 \times 1 \times 10}{2 \times 10^{-4}} = 15 \times 10^4 \; Nm^{-2}$$

(4) જવાબ [B]

તારમાં ઉદ્ભવતા પ્રતાન પ્રતિબળનું મૂલ્ય, સ્થિતિસ્થાપક હદ પરના પ્રતિબળના મૂલ્ય કરતા વધી જાય તો તાર તૂટી જાય.

$$\text{પ્રતાન પ્રતિબળ} = \frac{F_n}{A} = \frac{Mg}{\pi r^2} \quad \text{માં } g, \pi \text{ અચળ}$$

$$\therefore \sigma_n \propto \frac{M}{r^2}, \; \therefore \frac{\sigma_n}{\sigma_{n'}} = \frac{M}{M'} \times \frac{(r')^2}{r^2}$$

પણ તારને તોડી નાંખવા માટેનું પ્રતાનબળ સમાન,

$$\therefore 1 = \frac{M}{M'} \times \frac{\left(\frac{r}{3}\right)^2}{r^2}$$

$$1 = \frac{27}{M'} \times \frac{1}{9}$$

$\therefore M' = 3$ kg

(5) જવાબ [C]

$$\left(L - \frac{L}{4}\right) = \frac{3L}{4}$$

L લંબાઈના સળિયાનું દળ m છે.

$\therefore \frac{3L}{4}$ લંબાઈના સળિયાનું દળ $= \frac{3m}{4}$ થાય.

$\therefore \frac{3L}{4}$ લંબાઈના સળિયાનું વજન $= \frac{3mg}{4}$ અને

નીચે લટકાવેલ M દળનું વજન $= Mg$

$$\therefore \text{માગેલ આડછેદ પાસે કુલ વજન} = Mg + \frac{3mg}{4}$$

$\therefore$ માગેલ આડછેદ પાસે પ્રતિબળ = $\frac{\text{કુલ વજન}}{\text{ક્ષેત્રફળ}}$

$$= \frac{Mg + \frac{3mg}{4}}{A} = \left(M + \frac{3m}{4}\right)\frac{g}{A}$$

(6) **જવાબ [A]**

બંને તારમાં સમાન તણાવ-બળ માટે,

$$\frac{T_1}{A_1} = \frac{T_2}{A_2}$$

$$\therefore \frac{T_1}{T_2} = \frac{A_1}{A_2} = \frac{0.2}{0.4} \quad ...(1)$$

હવે રેખીય સમતોલન માટે,

$$T_1 + T_2 = W \quad ...(2)$$

સમીકરણ (1) અને (2) પરથી

$$T_1 = \frac{W}{3} \text{ અને } T_2 = \frac{2W}{3}$$

જો સ્ટીલના તારથી x અંતરે W વજન મૂકવામાં આવે તો સળિયો સમતોલનમાં રહે તે માટે,

$$T_1 x = T_2 (1 - x)$$

$$\therefore \frac{W}{3}x = \frac{2W}{3}(1 - x)$$

$$\therefore x = \frac{2}{3} \text{ m}$$

(7) **જવાબ [D]**

બલ્ક મોડ્યુલસ $B = -\frac{\Delta P}{\left(\frac{\Delta V}{V}\right)}$

જ્યારે આપણે સપાટી ઉપરથી જ્યાં દબાણ $\propto P_0$ છે ત્યાં જઈએ ત્યારે, ધારો કે કદનો ફેરફાર ΔV, તો

$$B = \frac{V\Delta P}{\Delta V} = \frac{V(\alpha P_0 - P_0)}{\Delta V} = \frac{V(\alpha - 1)P_0}{\Delta V}$$

અથવા $\Delta V = \frac{V(\alpha - 1)P_0}{B}$

$$V' = V - \Delta V = V\left[1 - \frac{(\alpha - 1)P_0}{B}\right]$$

આપેલી ઊંડાઈએ ઘનતા $\rho' = \frac{\rho V}{V'}$

જ્યાં ρ સપાટી ઉપરની ઘનતા છે.

$$\rho' = \frac{\rho B}{B - (\alpha - 1)P_a}$$

(8) **જવાબ [A]**

જ્યારે પિસ્ટન ઉપર દળ m લગાડવામાં આવે છે ત્યારે દબાણમાં થતો વધારો,

$$\Delta P = \frac{Mg}{A}$$


હવે $B = \frac{\Delta P}{\left(\frac{\Delta V}{V}\right)}$ or $\frac{\Delta V}{V} = \frac{\Delta P}{B} = \frac{Mg}{AB}$

આથી $V = \frac{4}{3}\pi R^3$ જેથી $\frac{dV}{V} = \frac{3dR}{R}$

અથવા $\frac{dR}{R} = \frac{1}{3}\frac{dV}{V} = \frac{1}{3}\frac{Mg}{AB}$

ત્રિજ્યામાં થતો ફેરફાર = $\frac{dR}{R} = \frac{1}{3}\frac{Mg}{AB}$

(9) **જવાબ [B]**



આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે ધરીથી x જેટલા અંતરે તારનો નાનો ભાગ આવેલો છે, તો કેન્દ્રત્યાગીબળ

$dF = dMx\omega^2 = \rho A dx \cdot x\omega^2$

આથી, પરિભ્રમણ વખતે કુલ કેન્દ્રત્યાગીબળ,

$$F = \rho A\omega^2 \int_x^L x dx = \frac{1}{2}\rho A\omega^2 (L^2 - x^2)$$

જો dy એ એલિમેન્ટનું લંબાઈમાં થતું વિસ્તરણ હોય, તો

ખેંચાણ = $\frac{dy}{dx} = \frac{F}{AY}$


અથવા $dy = \frac{F}{AY}dx = \frac{1}{2}\frac{\rho A\omega^2\left(L^2 - x^2\right)}{AY}\,dx$

સળિયાનું કુલ વિસ્તરણ

$$\Delta l = \int_0^L dy = \frac{\rho\omega^2}{2Y}\int_0^L (L^2 - x^2)\,dx = \frac{\rho\omega^2 L^3}{3Y}$$

$$= \frac{10^4 \times 400^2 \times \left(\frac{1}{2}\right)^3}{3 \times 2 \times 10^{11}} = \frac{1}{3} \times 10^{-3}\ m = \frac{1}{3}\ mm$$

(10) જવાબ [D]



તારની લંબાઈમાં રેખીય વધારો કરતાં તેની ત્રિજ્યામાં પણ રેખીય ઘટાડો થાય તેથી

$\frac{dr}{dx}$ અચળ

$$\therefore \frac{dr}{dx} = \frac{b-a}{L} = k \qquad ...(1)$$

ધારો કે તારની શરૂઆતની લંબાઈમાં નાનકડી લંબાઈ ધરાવતો ભાગ dx અને ત્રિજ્યા r છે.
ધારો કે F બળ લગાડવામાં આવે ત્યારે આ સૂક્ષ્મ ખંડમાં થતો વધારો dl છે.

$$Y = \frac{Mg\,dx}{\pi r^2\,dl}$$

$$\therefore dl = \frac{Mgdx}{\pi r^2 Y} = \frac{Mg}{\pi r^2 Y}\left(\frac{dr}{k}\right)$$

આથી તારની લંબાઈનો થતો કુલ વધારો


$$l = \frac{Mg}{\pi Yk}\int_a^b \frac{dr}{r^2} = \frac{Mg}{\pi Yk}\left[\frac{-1}{r}\right]_a^b$$

$$= \frac{Mg}{\pi Yk}\left[\frac{1}{a} - \frac{1}{b}\right]$$

$$= \frac{Mg}{\pi Yk}\left[\frac{b-a}{ab}\right] = \frac{Mg}{\pi Yk}\,\frac{kL}{ab} = \frac{MgL}{\pi Yab}$$

$$\therefore \frac{l}{L} = \frac{Mg}{\pi Yab} = \frac{F}{\pi Yab}$$

(11) જવાબ [C]



આકૃતિમાં પ્રવાહી ગોળાનું કદ $= V = \frac{4}{3}\pi r^3$

જ્યારે પિસ્ટન ઉપર દળ m મૂકવામાં આવે છે ત્યારે, દબાણમાં થતો વધારો $P = \frac{mg}{a}$

જો કે વધેલું દબાણ ગોળાની બધી બાજુએ લાગે છે, જેથી ગોળાની ત્રિજ્યામાં ઘટાડો થશે અને પરિણામે ગોળાનું કદ ઘટશે.

કદમાં થતો ફેરફાર $dV = \frac{4}{3}\pi \times 3r^2 dr = 4\pi r^2 dr$

$$\therefore \frac{dV}{V} = \frac{4\pi r^2 dr}{\left(\frac{4}{3}\right)\pi r^3} = \frac{3dr}{r}$$

$$B = \frac{P}{\frac{dV}{V}} = \frac{mg}{a} \times \frac{r}{3dr}$$ હવે,

$$\frac{dr}{r} = \frac{mg}{3Ba}$$

(12) જવાબ [B]

બળયુગ્મ દ્વારા નક્કર નળાકારમાં દર એકમ લંબાઈ દીઠ ચઢતો વળ,

$$\tau_1 = \frac{\pi\eta r^4}{2l},$$

પોલા નળાકાર માટે,

$$\tau_2 = \frac{\pi\eta\left(r_2^4 - r_1^4\right)}{2l},\ \tau_2 = \tau_1\frac{\left(r_2^4 - r_1^4\right)}{r^4}$$

$$= \frac{0.1\times\left(5^4 - 4^4\right)}{3^4} = \frac{36.9}{81} = 0.455\ \text{N}m$$

(13) જવાબ [B]

ધારો કે વચ્ચેના સળિયાની લંબાઈ l છે. જ્યારે તાપમાન T જેટલું વધારવા છતાં, વચ્ચેના સળિયાની લંબાઈ વધતી નથી ત્યારે કહી શકાય કે તાપમાનના વધારા સાથે વચ્ચેના સળિયાની લંબાઈનો વિસ્તાર, તેના ઉપર લાગતા બીજા બંને સળિયાના બળ $= \frac{\text{F}l}{\text{AY}_2}$ ને લીધે થતા ઘટાડા બરાબર છે.

આથી, વચ્ચેના સળિયાનો વધારો = તેની લંબાઈમાં થયેલો ઘટાડો

$$\therefore\ l\alpha_2\text{T} = \frac{\text{F}l}{\text{AY}_2}\ \text{અથવા}\ \text{T} = \frac{\text{F}}{\text{AY}_2\alpha_2}$$

ત્રણેય સળિયા બે દીવાલો વચ્ચે ફિટ કરેલાં છે. તેથી T ડિગ્રી તાપમાન વધારતાં,

પહેલા અને ત્રીજા સળિયામાં થતો વધારો =

બીજા સળિયામાં દબાણબળને કારણે થતો ઘટાડો,

ધારો કે સળિયા પર લાગતું દબાણબળ F છે, તો

$$\therefore\ l_1\alpha_1\,\text{T} + l_2\alpha_3\,\text{T} = \frac{\text{F}l_1}{\text{AY}_1} + \frac{\text{F}l_2}{\text{AY}_3}$$

$$l_1\alpha_1\left(\frac{\text{F}}{\text{AY}_2\alpha_2}\right) + l_2\alpha_3\left(\frac{\text{F}}{\text{AY}_2\alpha_2}\right)$$

$$= \frac{\text{F}}{\text{A}}\left[\frac{l_1}{\text{Y}_1} + \frac{l_2}{\text{Y}_3}\right]$$

$$\therefore\ l_1\left[\frac{\alpha_1}{\alpha_2\text{Y}_2} - \frac{1}{\text{Y}_1}\right] = l_2\left[\frac{1}{\text{Y}_3} - \frac{\alpha_3}{\text{Y}_2\alpha_2}\right]$$

$$\therefore\ l_1\left[\frac{\alpha_1\text{Y}_1 - \alpha_2\text{Y}_2}{\alpha_2\text{Y}_1\text{Y}_2}\right] = l_2\left[\frac{\text{Y}_2\alpha_2 - \text{Y}_3\alpha_3}{\alpha_2\text{Y}_2\text{Y}_3}\right]$$

$$\therefore\ \frac{l_1}{l_2} = \left[\frac{\alpha_3\text{Y}_3 - \alpha_2\text{Y}_2}{\text{Y}_2\alpha_2 - \text{Y}_1\alpha_1}\right]\frac{\text{Y}_1}{\text{Y}_3}$$

(14) જવાબ [C]

ધારો કે પાટિયાના આગળના છેડાથી x અંતરે લાગતું બળ F છે.

$$\therefore\ \frac{\text{F}}{x} = \frac{\text{F}_0}{\text{L}}\ \text{અથવા}\ \text{F} = \frac{\text{F}_0 x}{\text{L}}$$

બળની અસર નીચે પાટિયાની લંબાઈમાં થતો વધારો, $dx = \frac{\text{F}_0}{\text{LAY}} \times x dx$

$$\therefore\ \text{લંબાઈનો કુલ વધારો}\ \text{L} = \frac{\text{F}_0}{\text{LAY}}\int_0^{\text{L}} x dx = \frac{\text{F}_0\text{L}}{2\text{AY}}$$

$$\therefore\ \text{દાબીય વિકૃતિ}\ \frac{\Delta\text{L}}{\text{L}} = \frac{\text{F}_0}{2\text{AY}}$$

(15) જવાબ [B]

$$\text{યંગ મોડ્યુલસ}\ \text{Y} = \frac{\text{F}}{\text{A}} \times \frac{l}{\Delta l} \qquad ...(1)$$

તારને સ્થિતિસ્થાપક સ્પ્રિંગ તરીકે સ્વીકારતા,

$$\text{સ્પ્રિંગના બળ અચળાંકનું સૂત્ર}\ \text{K} = \frac{\text{F}}{\Delta l}$$

$$\therefore\ \text{K} = \frac{\text{YA}}{l}\ \text{(સમીકરણ (1) ની કિંમત મૂકતાં)}$$

$$\text{સ્પ્રિંગના સમાંતર જોડાણનું સૂત્ર}\ \text{K} = \text{K}_1 + \text{K}_2 + \text{K}_3$$

$$\therefore\ \text{K} = \frac{\text{Y}_1\text{A}}{l} + \frac{\text{Y}_2\text{A}}{l} + \frac{\text{Y}_3\text{A}}{l}$$

$$\therefore\ \frac{\text{Y}_1(3\text{A})}{l} = \frac{\text{Y}_1\text{A}}{l} + \frac{\text{Y}_2\text{A}}{l} + \frac{\text{Y}_3\text{A}}{l}$$

$$\therefore\ 3\text{Y} = \text{Y}_1 + \text{Y}_2 + \text{Y}_3$$

$$\therefore\ \text{Y} = \frac{\text{Y}_1 + \text{Y}_2 + \text{Y}_3}{3} \qquad ...(2)$$

$\text{Y}_1 = 2\times10^{11}\ \ \text{N}m^{-2}$,

$\text{Y}_2 = 0.7\times10^{11}\ \text{N}m^{-2}$,

$\text{Y}_3 = 3.6\times10^{11}\ \text{N}m^{-2}$,

સમીકરણ (2) માં મૂકતાં $\text{Y} = 2.1\times10^{11}\ \text{Nm}^{-2}$

(16) જવાબ [D]

$r_0 = 3.2\times10^{-10}$ m, $\text{K} = 6\ \text{Nm}^{-1}$

$$\text{હવે, K} = \text{Y}r_0,\ \therefore\ \text{Y} = \frac{\text{K}}{r_0} = \frac{6}{3.2\times10^{-10}}$$

$$\text{યંગ મોડ્યુલસ}\ \text{Y} = 1.875\times10^{10}\ \text{Nm}^{-2}$$

(17) જવાબ [C]

ધારો કે બંને સળિયાઓના તાપમાનમાં વધારો ΔT જેટલો સમાન છે.

$\therefore \Delta L_1 = \alpha_1 L_1 \Delta T$

(L_1 લંબાઈના સળિયામાં વધારો)

$\Delta L_2 = \alpha_2 L_2 \Delta T$

(L_2 લંબાઈના સળિયામાં વધારો)

$$\therefore \frac{\Delta L_1}{L_1} = \alpha_1 \Delta T \text{ અને } \frac{\Delta L_2}{L_2} = \alpha_2 \Delta T \quad ...(1)$$

પણ યંગ મોડ્યુલસ

$$Y = \frac{\text{ઉષ્મીય પ્રતિબળ}}{\text{વિકૃતિ}}$$

$$\therefore Y = \frac{\text{ઉષ્મીય પ્રતિબળ}}{\Delta L} \times L$$

L_1 લંબાઈના સળિયામાં ઉષ્મીય પ્રતિબળ $= \frac{Y_1 \Delta L_1}{L_1}$

L_2 લંબાઈના સળિયામાં ઉષ્મીય પ્રતિબળ $= \frac{Y_2 \Delta L_2}{L_2}$

બંનેમાં ઉષ્મીય પ્રતિબળ સમાન છે.

$$\therefore \frac{Y_1 \Delta L_1}{L_1} = \frac{Y_2 \Delta L_2}{L_2} \quad ...(2)$$

પરિણામ (1) અને (2) પરથી

$Y_1 \alpha_1 \Delta T = Y_2 \alpha_2 \Delta T$

$$\therefore \frac{Y_1}{Y_2} = \frac{\alpha_2}{\alpha_1} = \frac{4}{3}, \therefore Y_1 : Y_2 = 4 : 3$$

(18) જવાબ [B]

$$\text{વિકૃતિ} = \frac{\Delta l}{l} = \frac{2\pi R - 2\pi r}{2\pi r} = \frac{R - r}{r}$$

પ્રતિબળ = Y × વિકૃતિ

$$\therefore \frac{F}{A} = Y \times \left[\frac{R - r}{r}\right]$$

$$\therefore F = AY \left[\frac{R - r}{r}\right]$$

$r = \frac{R}{2}$ હોવાથી તથા A =100 cm^2,

$Y = 2 \times 10^{11} Pa$ લેતાં. $\therefore F = 2 \times 10^9$ N

(19) જવાબ [D]

આલેખ પરથી,

$$\frac{Y_A}{Y_B} = \frac{\tan\theta_A}{\tan\theta_B} = \frac{\tan 36^\circ}{\tan 180^\circ} = \frac{0.75}{0.3} = 2.5$$

$$\therefore \frac{Y_A}{Y_B} = \frac{5}{2}$$

(20) જવાબ [A]

$$Y = \frac{FL}{A\Delta L}$$

$$\therefore \Delta L = \frac{FL}{AY} = \frac{FL}{\pi r^2 Y}$$ માં F, L, π અને Y સમાન

$$\therefore \Delta L \propto \frac{1}{r^2}$$

એટલે જાડા તારમાં એકસરખા લટકાવેલા દળ માટે લંબાઈનો વધારો લઘુતમ હોય છે.

$$\text{એલોન્ગેશન} \propto \left(\frac{1}{\text{લંબાઈનો વધારો}}\right)$$

તેથી તાર OD સૌથી જાડો હશે.

(21) જવાબ [C]

$U = \frac{M}{r^6} - \frac{N}{r^{12}}$ સમતોલન સ્થિતિમાં $-\frac{dU}{dr} = F = 0$

$$F = \frac{-dU}{dr} = \frac{-d}{dr}\left(\frac{M}{r^6} - \frac{N}{r^{12}}\right) = 0$$

અથવા $\frac{6M}{r^7} - \frac{12N}{r^{13}} = 0$ અથવા $r^6 = \frac{2N}{M}$

$$\therefore U = \frac{M}{\left(\frac{2N}{M}\right)} - \frac{N}{\left(\frac{2N}{M}\right)^2}$$

$$= \frac{M^2}{2N} - \frac{M^2}{4N} = \frac{M^2}{4N}$$

(22) જવાબ [B]

$$\text{પોઈશન ગુણોત્તર } \mu = \frac{\frac{dr}{r}}{\frac{dl}{l}}$$

$$\therefore \frac{dr}{r} = -(\mu)\frac{dl}{l}$$

$= (0.1)(10^{-3}) = 10^{-4}$

$\therefore \frac{r_1 - r_2}{r_1} = 10^{-4} = 1 - \frac{r_2}{r_1}$

$\therefore \frac{r_2}{r_1} = 1 - 10^{-4} = 0.9999$

$\therefore$ કદનો પ્રતિશત વધારો $\left(\frac{V_2 - V_1}{V_1}\right) \times 100$

$= \left(\frac{\pi r_2^2 l_2 - \pi r_1^2 l_1}{\pi r_1^2 l_1}\right) \times 100$

$= \left[\left(\frac{r_2^2 l_2}{r_1^2 l_1}\right) - 1\right] \times 100$

$= [(0.9999)^2 \times 1.001 - 1] \times 100 = 0.08\ \%$

(23) જવાબ [D]

$V = \pi r^2 l$

$\therefore \frac{dV}{V} = 2\frac{dr}{r} + \frac{dl}{l}$ ...(1)

હવે $\mu = \left(\frac{\frac{dr}{r}}{\frac{dl}{l}}\right)$, $\therefore \frac{dr}{r} = -\mu \frac{dl}{l}$

$= -(0.5) \times (2 \times 10^{-3})$

$= -1 \times 10^{-3}$

સમીકરણ (1) માં કિંમત મૂકતાં

$\frac{dV}{V} = 2 \times 10^{-3} + 2(-1 \times 10^{-3}) = 0$

(24) જવાબ [B]

તારના એકમ કદ દીઠ સ્થિતિઊર્જા

$\rho = \frac{1}{2} \frac{(\text{તણાવ પ્રતિબળ})^2}{\text{યંગ મોડ્યુલસ}}$

$\therefore \rho_1 = \frac{1}{2} \frac{S^2}{Y}$

જ્યાં તણાવ પ્રતિબળ $= \frac{\text{બળ}}{\text{ક્ષેત્રફળ}}$

$\therefore \frac{S_1}{S_2} = \left(\frac{F_1}{F_2}\right)\left(\frac{A_2}{A_1}\right)$

અહીં $F_1 = F_2$ આપેલ છે. $\therefore \frac{S_1}{S_2} = \frac{A_2}{A_1}$

વળી બંને તારનું દ્રવ્ય એક જ હોવાથી $Y_1 = Y_2$

$\therefore \frac{\rho_1}{\rho_2} = \left(\frac{S_1}{S_2}\right)^2 = \left(\frac{A_2}{A_1}\right)^2$

$= \left[\left(\frac{d_2}{d_1}\right)^2\right]^2 = \left(\frac{d_2}{d_1}\right)^4 = \left(\frac{3}{2}\right)^4 = \frac{81}{16}$

(25) જવાબ [C]

એકમ કદ દીઠ ઊર્જા $= \frac{1}{2} \times$ પ્રતિબળ $\times$ વિકૃતિ

$= \frac{1}{2} \times$ પ્રતિબળ $\times \frac{\text{પ્રતિબળ}}{\text{યંગ મોડ્યુલસ}}$

$\left[\because \text{વિકૃતિ} = \frac{\text{પ્રતિબળ}}{\text{યંગ મોડ્યુલસ}}\right]$

$= \frac{1}{2} \times \frac{(\text{પ્રતિબળ})^2}{\text{યંગ મોડ્યુલસ}} = \frac{S^2}{2Y}$ ...(1)

$S = 20\ Nm^{-2}$ અને $Y = 2 \times 10^{11}\ Pa$

સમીકરણ (1)માં લેતાં

એકમ કદ દીઠ ઊર્જા $= \frac{20 \times 20}{2 \times 2 \times 10^{11}} = 10^{-9}\ Jm^{-3}$

(26) જવાબ [C]

દેખીતું વજન $= V(\rho - \sigma)g = \frac{m}{\rho}(\rho - \sigma)g$

m = પદાર્થનું દળ

ρ = પદાર્થની ઘનતા

σ = પાણીની ઘનતા

બંને પદાર્થો ધરાવતું ત્રાજવું સમતોલનમાં હોવાથી તેઓના દેખીતાં વજનો સરખા થાય.

$\therefore \frac{m_1}{\rho_1}(\rho_1 - \sigma) = \frac{m_2}{\rho_2}(\rho_2 - \sigma)$

જ્યાં $m_1 = 36\ g$, $\rho_1 = 9\ gm^{-1}$

$m_1 = 72\ g$, $\rho_2 = (?)$

$\frac{36}{9}(9 - 1) = \frac{72}{\rho_2}(\rho_2 - 1)$

$\frac{36 \times 8}{9} = \frac{72}{\rho_2}(\rho_2 - 1)$

$\rho_2 = 1.8\ gcm^{-3}$

(27) જવાબ [D]

પદાર્થનું હવાના માધ્યમમાં દેખીતું વજન = સાચું વજન – પદાર્થે સ્થાનાંતર કરેલી હવા વડે લાગતું ઊર્ધ્વબળ

$\therefore$ d_1 ઘનતાવાળા પદાર્થ માટે, $M_0 g - \left(\frac{M_0}{d_1}\right) dg$

d_2 ઘનતાવાળા પદાર્થ માટે, $Mg - \left(\frac{M}{d_2}\right) dg$

$\therefore \quad M_0 g - \left(\frac{M_0}{d_1}\right) dg = Mg - \left(\frac{M}{d_2}\right) dg$

$\therefore \quad M_0 = \frac{M\left(1 - \frac{d}{d_2}\right)}{\left(1 - \frac{d}{d_1}\right)}$, જ્યાં $d = 1\ kgm^{-3}$

$d_1 = 4\ kgm^{-3}$, $d_2 = 8\ kgm^{-3}$, $M = 1\ kg$

$\therefore \quad M_0 = \frac{1\left(1 - \frac{1}{8}\right)}{\left(1 - \frac{1}{4}\right)} = \frac{\frac{7}{8}}{\frac{3}{4}}$, $\therefore\ M_0 = \frac{7}{6}\ kg$

(29) જવાબ [D]

ગ્લિસરીનના તળિયેથી સમક્ષિતિજ રેખા દોરતાં, (A બિંદુ આગળનું દબાણ) = (B બિંદુ આગળનું દબાણ)

$P_A = P_B$

$h_1 \rho_{Ge} g = h\rho_w g + (20 - h)\ \rho_{Hg} \times g$

$\rho_{Ge} = 1.3\ gcm^{-3}$, $\rho_w = 0.8\ gcm^{-3}$

$\rho_{Hg} = 13.6\ gcm^{-1}$

$26g = 0.8\ gh + 272g - 13.6\ gh$

$\therefore 12.8\ gh = 246g,\ \therefore\ h = \frac{246}{12.8}$

$\therefore\ h \approx 19.2\ cm$

(30) જવાબ [A]

લાકડાનું ઘનફળ $V = \frac{\text{દળ}}{\text{ઘનતા}} = \frac{120}{600} = 0.2\ m^3$

ધારો કે, લાકડાના તરાપા પર x જેટલું વજન મૂકવામાં આવે તો કુલ વજન

$= (120 + x) \times 10\ N$ ...(1)

હવે, તેના વડે સ્થાનાંતર થતા પાણીનું વજન

$= V\rho g = 0.2 \times 10^3 \times 10\ N$ ...(2)

જ્યારે x વજન મૂકેલા તરાપાનું કુલ વજન તેના વડે સ્થાનાંતર થતા પાણીના વજન જેટલું થાય ત્યારે x વજન ધરાવતો તરાપો ડૂબવાની અણી પર આવે.

સમીકરણ (1) અને (2)ને સરખાવતાં,

$(120 + x) \times 10 = 0.2 \times 10^3 \times 10$

$\therefore \quad 120 + x = 200,\ \therefore\ x = 80\ kg$

(31) જવાબ [C]

બાઉલની બહારની સપાટીનો વ્યાસ D તથા બાઉલની અંદરની સપાટીનો વ્યાસ d છે.

બાઉલના દ્રવ્યની ઘનતા ρ હોય તો, અર્ધગોળાકાર બાઉલનું વજન = $mg = V\rho g$

$= \frac{2}{3}\pi \left[\left(\frac{D}{2}\right)^3 - \left(\frac{d}{2}\right)^3\right] \rho g$ ...(1)

($\because$ અર્ધગોળાકાર કવચનું ઘનફળ

$= \frac{1}{2} \times$ ગોળાનું ઘનફળ $= \frac{1}{2} \times \frac{4}{3}\pi r^3$

$= \frac{2}{3}\ \pi r^3$ થાય.)

બાઉલ વડે સ્થાનાંતર થતાં પ્રવાહીનું વજન

$= V\rho' g = \frac{2}{3}\ \pi\left(\frac{D}{2}\right)^3 \rho' g$ ...(2)

(ρ' પ્રવાહીની ઘનતા)

પ્રવાહીમાં તરતા બાઉલ માટે, સમીકરણ (1) તથા (2) ને સરખાવતાં,

$\frac{2}{3}\pi\left(\frac{D}{2}\right)^3 \rho' g = \frac{2}{3}\pi \left[\left(\frac{D}{2}\right)^3 - \left(\frac{d}{2}\right)^3\right] \rho g$

$\therefore \left(\frac{1}{2}\right)^3 \times 1.8 \times 10^3 = \left[\left(\frac{1}{2}\right)^3 - \left(\frac{d}{2}\right)^3\right] 3 \times 10^4$

સાદું રૂપ આપતાં, $d = 0.98\ m$

(32) જવાબ [B]

કૉર્ક્રિટની ઘનતા ρ_1 અજ્ઞાત પદાર્થના વ્હેરની ઘનતા ρ_2, પાણીની ઘનતા = $\sigma = 1$, તરણના નિયમ મુજબ,

(અજ્ઞાત પદાર્થનો વ્હેર ભરેલા કૉર્ક્રિટના ગોળાનું વજન) = (ગોળા વડે સ્થાનાંતર થયેલ પાણીનું વજન)

$\therefore \frac{4}{3}\pi (R^3 - r^3)\rho_1 g + \frac{4}{3}\pi r^3 \rho_2 g$

$= \frac{4}{3}\pi R^3 \sigma g$

$\therefore \frac{4}{3}\pi (R^3 - r^3)\rho_1 g + \frac{4}{3}\pi r^3 \rho_2 g$

$= \frac{4}{3}\pi R^3 g \quad (\because \sigma = 1)$

$\therefore R^3\rho_1 - r^3\rho_1 + r^3\rho_2 = R^3$

$\therefore R^3(\rho_1 - 1) = r^3(\rho_1 - \rho_2),$

$\therefore \frac{R^3}{r^3} = \frac{\rho_1 - \rho_2}{\rho_1 - 1}$

$\therefore \frac{R^3 - r^3}{r^3} = \frac{\rho_1 - \rho_2 - \rho_1 + 1}{\rho_1 - 1}$

$\therefore \frac{(R^3 - r^3)\rho_1}{r^3\rho_2} = \left(\frac{1 - \rho_2}{\rho_1 - 1}\right)\frac{\rho_1}{\rho_2}$

$\therefore \frac{\text{કૉર્કિટનું દળ}}{\text{અજ્ઞાત પદાર્થના વ્હેરનું દળ}}$

$= \left(\frac{1 - 0.5}{2.5 - 1}\right)\frac{2.5}{0.5} = \frac{5}{3}$

(33) જવાબ [A]

પ્રવાહીમાં ડૂબેલા ચોસલાનું ઘનફળ $V' = \left(\frac{\rho}{\rho'}\right)$

સૂત્ર દર્શાવે છે કે જે ચોસલાની ઘનતા પ્રવાહીની ઘનતા પર આધાર રાખે છે માટે,
તરતું ચોસલું ધરાવતા સમગ્ર તંત્રને ઉપર તરફ કે નીચે અચળ વેગથી અથવા પ્રવેગથી ગતિ કરાવવામાં આવે, તો તેમાં કોઈ જ ફેરફાર ન થતા, ચોસલાનો અર્ધ ભાગ જ $\left(\frac{1}{2}\right)$ પ્રવાહીમાં ડૂબેલો રહેશે.

(34) જવાબ [A]

ઘન નળાકારનું વજન =
બંને પ્રવાહીઓ વડે લાગતું ઊર્ધ્વબળ

$\therefore VDg = \left(\frac{A}{5} \times \frac{3}{4}L\right) \times d \times g$

$+ \left(\frac{A}{5} \times \frac{L}{4}\right) \times 2d \times g$

$\therefore \left(\frac{A}{5} \times L\right) \times D \times g = \frac{A \times L \times d \times g}{4}$

$\therefore \frac{D}{5} = \frac{d}{4}, \therefore D = \frac{5}{4}d$

(35) જવાબ [D]

ચોસલાં પરથી દેડકો પાણીમાં પડી જતાં ચોસલાં પરનું વજન ઘટતા ઊંચો આવશે માટે l માં ઘટાડો થશે.
સાથે સાથે પ્રવાહીમાં ડૂબેલા ચોસલાનું કદ ઘટતા તેના વડે સ્થાનાંતર થયેલા પ્રવાહીમાં ઘટાડો થતા પાણીની સપાટી નીચે ઊતરશે માટે h પણ ઘટશે.
(જોકે દેડકો પાણીમાં પડી જાય તો દેડકાના કદ જેટલા સ્થાનાંતર થયેલા પાણીને લીધે પાણીની સપાટી સહેજ વધે ખરી પરંતુ તે અવગણ્ય બને કારણ કે, ચોસલાનું કદ >> દેડકાનું કદ)

(36) જવાબ [C]

ρ ઘનતાવાળા ગોળાનું વજનબળ $= \frac{4}{3}\pi R^3 \rho g$ ...(1)

તેલને લીધે ગોળા પર ઊર્ધ્વબળ $= \frac{2}{3}\pi R^3 \sigma_{oil}\, g$ ...(2)

મરક્યુરી ($_{Hg}$) ને લીધે ગોળા પર ઉર્ધ્વબળ

$= \frac{2}{3}\pi R^3 \sigma_{Hg}\, g$ ...(3)

તરતા ગોળા માટે, ગોળાનું વજનબળ
= (તેલને લીધે મળતું ઊર્ધ્વબળ) + (મરક્યુરીને લીધે મળતું ઊર્ધ્વબળ)
સમીકરણ (1), (2) તથા (3) પરથી,

$\frac{4}{3}\pi R^3 \rho g = \frac{2}{3}\pi R^3 \sigma_{oil}\, g + \frac{2}{3}\pi R^3 \sigma_{Hg}\, g$

$\therefore \frac{4}{3}\pi R^3 \rho g = \frac{2}{3}\pi R^3 (\sigma_{oil} + \sigma_{Hg}) g$

$\therefore 2\rho = \sigma_{oil} + \sigma_{Hg}$
$\therefore 2\rho = 0.8 + 13.6$
$\therefore 2\rho = 14.4$
$\therefore \rho = 7.2\ gcm^{-3}$

(37) જવાબ [A]

ધારો કે, સળિયાની લંબાઈ PQ = L
$\therefore SP = SQ = \frac{L}{2}$
સળિયાનું વજનબળ,
$W = AL\rho g$ જે S બિંદુ પર અધોદિશામાં લાગે છે.
સળિયા પર લાગતું તારકબળ $F_B = Al\rho_0 g$ જે PR ના મધ્યબિંદુએ ઊર્ધ્વદિશામાં લાગે છે.
l = PR ભાગની લંબાઈ છે.

ચાકગતિય સંતુલનના નિયમ મુજબ

$F_B = W$

$\therefore A l \rho_0 g \times \frac{l}{2} \cos\theta = AL\rho g \times \frac{L}{2} \cos\theta$

$\therefore \frac{l^2}{L^2} = \frac{\rho}{\rho_0}, \therefore \frac{l}{L} = \sqrt{\frac{\rho}{\rho_0}}$

આકૃતિ પરથી $\sin\theta = \frac{h}{l} = \frac{L}{2l}$

$\therefore \sin\theta = \frac{1}{2}\sqrt{\frac{\rho_0}{\rho}}$

(38) જવાબ [C]

પાણીમાં ધાતુના ટુકડાના વજનમાં ઘટાડો
$= 250 - 200 = 50\ g$
પ્રવાહીમાં ધાતુના ટુકડાના વજનમાં ઘટાડો
$= 250 - 150 = 100\ g$

$\therefore$ પ્રવાહીની વિશિષ્ટ ઘનતા $= \frac{\text{પ્રવાહીમાં વજનમાં ઘટાડો}}{\text{પાણીમાં વજનમાં ઘટાડો}}$

$= \frac{100}{50}, \therefore \frac{\text{પ્રવાહીની ઘનતા}}{\text{પાણીની ઘનતા}} = 2$

$\therefore$ પ્રવાહીની ઘનતા $= 2 \times$ પાણીની ઘનતા
$= 2 \times 1 = 2\ gcm^{-3}$
ધાતુના ટુકડાની વિશિષ્ટ ઘનતા

$= \frac{\text{ટુકડાનું હવામાં વજન}}{\text{પાણીમાં તેના વજનમાં ઘટાડો}} = \frac{250}{50}$

$\therefore \frac{\text{ધાતુના દ્રવ્યની ઘનતા}}{\text{પાણીની ઘનતા}} = 5$

$\therefore$ ધાતુના દ્રવ્યની ઘનતા $= 5 \times$ પાણીની ઘનતા
$= 5 \times 1 = 5\ gcm^{-3}$

(39) જવાબ [A]

ધારો કે પદાર્થને તેની સમતોલન સ્થિતિથી x જેટલું સ્થાનાંતર આપવામાં આવે છે. આથી અહીં ઉત્પન્ન થતું વધારાનું ઉત્પ્લાવકબળ $x\rho Ag$ આ પદાર્થને સમગ્ર રીતે લાગુ પડે છે.
જો ઉત્પન્ન થતો પ્રવેગ a હોય તો,

$x\rho Ag = ma, \therefore a = \frac{Agx}{m}\rho$

અહીં, પ્રવેગ $\propto x$ છે, તેથી આ સ.આ.ગ.નું સમીકરણ છે.

$\left[\text{સ.આ.ગ.નું વિકલ સમીકરણ } \frac{d^2y}{dt^2} = -\omega^2 y\right]$

$\therefore \omega^2 = \frac{\rho Ag}{m} \Rightarrow T = 2\pi\sqrt{\frac{m}{\rho Ag}}$

$\therefore T \propto \frac{1}{\sqrt{A}}$

(40) જવાબ [C]

પાઈપમાં વહેતું પ્રવાહી અદબનીય હોવાથી જેટલા દળનું પ્રવાહી પાઈપમાં ડાબી બાજુએથી દાખલ થાય તેટલા જ દળનું પ્રવાહી પાઈપના જમણી બાજુના બંને છેડામાંથી બહાર આવે.
ધારો કે, દાખલ થતા પ્રવાહીનું દળ = M
બહાર આવતા પ્રવાહીના દળ m_1 તથા m_2 હોય, તો
$M = m_1 + m_2 \Rightarrow Av_1 = Av_2 + 2.5AV$
$A \times 6 = A \times 2.5 + 2.5AV$
$3.5\ A = 2.5AV$

$\frac{3.5}{2.5} = V = \frac{7}{5}\ ms^{-1}$

(41) જવાબ [D]

$\frac{1}{2} mv_1^2 = mgy \Rightarrow v_1 = \sqrt{2gy}$ અને
ક્ષેત્રફળ$A_1 = L^2$ તથા

$\frac{1}{2} mv_1^2 = mg \times 4y \Rightarrow v_2 = \sqrt{2g \times 4y}$ અને
ક્ષેત્રફળ$A_2 = \pi R^2$
સાતત્ય સમીકરણ પરથી, $A_1v_1 = A_2v_2$

$\therefore L^2 \times \sqrt{2gy} = \pi R^2 \times \sqrt{8gy}$

$\therefore \frac{L^2}{\pi} \times \frac{1}{\sqrt{4}} = R^2, \therefore R^2 = \frac{L^2}{2\pi}$

$\therefore R = \frac{L}{\sqrt{2\pi}}$

(42) જવાબ [D]

h ઊંચાઈએથી પાણી નીચે આવે ત્યારે તેનો વેગ v_2 હોય, તો $v_2^2 - v_1^2 = 2gh$

$v_2^2 = v_1^2 + 2gh \Rightarrow v_2^2 = (0.6)^2 + 2 \times 10 \times 0.2$
$v_2 = 2.1\ ms^{-1}$
હવે, સાતત્ય સમીકરણ પરથી, $A_1v_1 = A_2v_2$


$$\therefore \pi\left(\frac{D_1}{2}\right)^2 v_1 = \pi\left(\frac{D_2}{2}\right)^2 \times 2$$

$$\therefore \left(\frac{12\times10^{-3}}{2}\right)^2 \times 0.6 = \left(\frac{D_2}{2}\right)^2 \times 2.1$$

$$\therefore \frac{144\times10^{-6}\times0.6}{4} = \frac{D_2^{\,2}}{4} \times 2.1$$

$D_2 = 6.4 \times 10^{-3}$ m

(43) જવાબ [B]



પ્રવાહીના વહન દર $V = \frac{P}{R}$ ...(1)

જ્યાં પ્રવાહી અવરોધ $R = \frac{8\eta l}{\pi r^4}$ ...(2)

$$R' = \frac{8\eta l}{\pi\left(\frac{r}{2}\right)^4} = \frac{8\eta l}{\pi r^4} \times 16 = 16R \quad ...(3)$$


નાની નળી માટે, બંને નળીઓના શ્રેણી-જોડાણ માટે,

$$V_{\text{શ્રેણી}} = \frac{P}{R + R'}$$

$$\therefore V_{\text{શ્રેણી}} = \frac{P}{R + 16R} = \frac{P}{17R} = \frac{V}{17}$$

$$\therefore V_{\text{શ્રેણી}} = \frac{V}{17}$$

(45) જવાબ [C]



અત્રે આકૃતિ પરથી સ્પષ્ટ છે કે, $v_B > v_A$

$\therefore$ પરિણામી બળ

$$F = F_B - F_A = \frac{dp_B}{dt} - \frac{dp_A}{dt}$$

$= av_B\rho \times v_B - av_A\rho \times v_A$

$\therefore F = a\rho\,(v_B^{\,2} - v_A^{\,2})$ ...(1)

હવે, બર્નુલીના સમીકરણ મુજબ

$$P_A + \frac{1}{2}\rho v_A^{\,2} + \rho gh = P_B + \frac{1}{2}\rho v_B^{\,2} + 0 \ldots..$$

(છિદ્ર A સપાટીની નજીક લેતાં)

$$\therefore \frac{1}{2}\rho\,(v_B^{\,2} - v_A^{\,2}) = \rho\, gh$$

આ કિંમત સમીકરણ (1) માં મૂકતાં,

$\therefore v_B^{\,2} - v_A^{\,2} = 2gh$, $\therefore F = 2a\rho gh$

હવે કિંમતો મૂકો.

(46) જવાબ [B]

બર્નુલી સમીકરણ મુજબ,

$$P_A + \frac{1}{2}\rho v_A^{\,2} + \rho g h_A = P_B + \frac{1}{2}\rho v_B^{\,2} + \rho g h_B$$

અહીં $h_A = h_B$

$$\therefore P_A + \frac{1}{2}\rho v_A^{\,2} = P_B + \frac{1}{2}\rho v_B^{\,2}$$

$$\therefore P_A - P_B = \frac{1}{2}\rho\,[v_B^{\,2} - v_A^{\,2}]$$

હવે $v_A = 0$, $v_B = r\omega$ અને $P_A - P_B = h\rho g$

જ્યાં $\omega = 2\pi\ rad\ s^{-1}$

$$\therefore h\rho g = \frac{1}{2}\rho\, r^2\omega^2 \text{ અથવા } h = \frac{r^2\omega^2}{2g}$$

સૂત્રમાં કિંમત મૂકતાં,

$$h = \frac{25\left(4\pi^2\right)}{2(1000)} = \frac{\pi^2}{20} = 0.05\pi^2 \text{ cm}$$

(47) જવાબ [B]

બર્નુલીના સમીકરણ પ્રમાણે, $\frac{1}{2}\rho v^2 = \rho gh$

એટલે કે $h = \frac{v^2}{2g}$

$v = r\omega$, $h = \frac{r^2\omega^2}{2g}$,

$h = 0.0128$ m,

$h = 1.3$ cm

$h < 2$ cm

$\therefore$ પ્રવાહી છલકાશે નહિ.

(48) જવાબ **[A]**

સંયુક્ત નળીની લંબાઈ અગાઉ કરતાં બમણી છે અને તરલવહનનો દર x લંબાઈના વ્યસ્ત પ્રમાણમાં હોય. ($\because$ પોઇસિલિના નિયમ મુજબ)

$\therefore$ તરલ વહનનો દર $\propto \frac{1}{\text{લંબાઈ}}$

$\therefore$ તરલ વહનનો દર $= \frac{x}{2}$

(49) જવાબ **[D]**

પ્લેટનું ક્ષેત્રફળ $A = (0.1)^2 = 0.01\ m^2$

$\eta = 0.01$ પોઇસ

$\eta = 0.001$ ડેકા પોઇસ (MKS યુનિટ લેતાં)

$dv = 0.1\ ms^{-1}$

શ્યાનતા બળ $F = 0.002\ N$

$\therefore F = \eta A \frac{dv}{dx}$, $\therefore dx = \eta A \frac{dv}{F}$

$= \frac{0.001 \times 0.01 \times 0.1}{0.002}$, $\therefore dx = 0.0005\ m$

(50) જવાબ **[C]**

જ્યારે ગોળો h અંતર કાપીને પાણીની સપાટી પર પડે, ત્યારે તેનો વેગ $v = \sqrt{2gh}$ ...(1)

ગોળો પ્રવાહીમાં ગતિ કરે ત્યારે તેનો અંતિમ વેગ

$v = \frac{2}{9}\frac{r^2}{\eta} \cdot (\rho - \sigma) \cdot g$ (σ હવાની ઘનતા = 1)

$\therefore v = \frac{2r^2(\rho - 1)g}{9\eta}$ ...(2)

સમીકરણ (1) અને (2) ને સરખાવતાં,

$\sqrt{2gh} = \frac{2r^2(\rho - 1)g}{9\eta}$

$\therefore h = \frac{2}{81} \cdot r^4 \left(\frac{\rho - 1}{\eta}\right)^2 g$, $h \propto r^4$

$\frac{h_2}{h_1} = \left(\frac{r_2}{r_1}\right)^4$, $h_2 = 16\, h_1$, $h_2 = 16 \times 10$

$h_2 = 160\ cm$

(52) જવાબ **[C]**

અહીં સ્ટોક્સના નિયમ અનુસાર,

$6\pi\eta r v_r = mg$, $\therefore v_r = \frac{mg}{6\pi\eta r}$

$[v_r] = \frac{[mg]}{[\eta r]}$ (6π અચળ)

$= \frac{M^1 L^1 T^{-2}}{M^1 L^{-1} T^{-1} \times L^1} = M^0 L^1 T^{-1}$

જે વેગના પરિણમાણ છે.

$\therefore$ સાચો સંબંધ $v_r \propto \frac{mg}{r\eta}$ થશે.

(53) જવાબ **[B]**

(n નાના ટીપાંનું કુલ કદ) = (1 મોટા ટીપાનું કદ)

$n \times \frac{4}{3}\pi r^3 = \frac{4}{3}\pi R^3$, $\therefore n = \frac{R^3}{r^3}$

ઉદ્ભવતી ઉષ્મા $= \frac{\text{થયેલું કાર્ય}}{J}$

$= \frac{\text{પૃષ્ઠતાણ} \times \text{ક્ષેત્રફળમાં થતો ઘટાડો}}{J}$

$\therefore ms d\theta = \frac{T \times \left(n \times 4\pi r^2 - 4\pi R^2\right)}{J}$

$\therefore \frac{4}{3}\pi R^3 \times 1 \times 1 \times d\theta = \frac{T}{J}$

$\left(n \times 4\pi r^2 - 4\pi R^2\right)$

$\therefore d\theta = \frac{3T \times 4\pi}{J \times 4\pi R^3}[nr^2 - R^2]$

$= \frac{3T}{JR^3}\left[\frac{R^3}{r^3}r^2 - R^2\right] = \frac{3TR^3}{JR^3}\left[\frac{1}{r} - \frac{1}{R}\right]$

$= \frac{3T}{J}\left[\frac{1}{r} - \frac{1}{R}\right]$

(54) જવાબ **[A]**

કેશાકર્ષણની ઘટના અનુસાર,

$h_1 = \frac{2T\cos\theta}{r_1\rho g}$, $h_2 = \frac{2T\cos\theta}{r_2\rho g}$, $\therefore h = h_1 - h_2$

$= \frac{2T\cos\theta}{r_1\rho g} - \frac{2T\cos\theta}{r_2\rho g} = \frac{2T}{\rho g}\left[\frac{1}{r_1} - \frac{1}{r_2}\right]$

$\therefore h = \frac{2T(r_2 - r_1)}{\rho g r_1 r_2}$, $\therefore T = \frac{h\rho g r_1 r_2}{2(r_2 - r_1)}$

(55) જવાબ [B]

પૃષ્ઠઊર્જા $u = T \times 4\pi R^2$

R ત્રિજ્યાવાળું પ્રવાહીનું ટીપું, r ત્રિજ્યાવાળા 512 ટીપાઓમાં વિભાજન પામે છે.

$\therefore$ (R ત્રિજ્યાવાળા ટીપાનું કદ)

= (r ત્રિજ્યાવાળા 512 ટીપાનું કદ)

$\therefore \frac{4}{3}\pi R^3 = 512 \times \frac{4}{3}\pi r^3, \therefore r = \frac{R}{8}$

હવે 512 ટીપાંઓની કુલ પૃષ્ઠઊર્જા

$= T \times 512 \times 4\pi r^2 = T \times 512 \times 4\pi\left(\frac{R^2}{64}\right)$

$= 8\,(4\pi TR^2) = 8\,u$

(56) જવાબ [A]

ધારો કે સંયોજન પામતા પરપોટાની ત્રિજ્યાઓ a તથા b છે અને સંયોજિત મોટા પરપોટાની ત્રિજ્યા c છે તો,

$P_a = P_0 + \frac{4T}{a}, P_b = P_0 + \frac{4T}{b}, P_c = P_0 + \frac{4T}{c}$

વળી, $V_a = \frac{4}{3}\pi a^3, V_b = \frac{4}{3}\pi b^3, V_c = \frac{4}{3}\pi c^3$

હવે, પરપોટાની અંદરની હવાના દળનું સંરક્ષણ થતું હોવાથી મોલભારમાં, $n_a + n_b = n_c$

આદર્શ વાયુના અવસ્થા સમીકરણ મુજબ,

$\frac{P_a V_a}{RT_a} + \frac{P_b V_b}{RT_b} = \frac{P_c V_c}{RT_c}$

તાપમાન T ને અચળ ધારતાં, $P_a V_a + P_b V_b = P_c V_c$

$\left(P_0 + \frac{4T}{a}\right)\left(\frac{4}{3}\pi a^3\right) + \left(P_0 + \frac{4T}{b}\right)\left(\frac{4}{3}\pi b^3\right)$

$= \left(P_0 + \frac{4T}{c}\right)\left(\frac{4}{3}\pi c^3\right)$

$\therefore\ 4T\,(a^2 + b^2 - c^2) = P_0\,(c^3 - a^3 - b^3)$

$\therefore \frac{4}{3}T4\pi\,(a^2 + b^2 - c^2) = P_0\,\frac{4}{3}\pi\,(c^3 - a^3 - b^3)$

પરંતુ, $4\pi\,(a^2 + b^2 - c^2) = S$

સપાટીના ક્ષેત્રફળનો ફેરફાર

$\frac{4}{3}\pi\,(c^3 - a^3 - b^3) = -V$

પરપોટાની હવાના કદમાં થતો ફેરફાર

$\therefore \frac{4T}{3}\,S = -P_0 V, \therefore\ 4ST = -3P_0 V$

$\therefore\ 3P_0 V + 4ST = 0$

(57) જવાબ [D]

પરપોટાને ફેલાવીને તેની ત્રિજ્યા r_1 થી r_2 કરતાં કરવું પડતું કાર્ય,

$W = 8\pi T\left(r_2^2 - r_1^2\right)$

($\because$ પરપોટાને બે મુક્ત સપાટી છે.)

અહીં, $r_2 = \frac{D}{2}$ અને $r_1 = \frac{d}{2}$ મૂકતાં

$W = 8\pi T\left[\left(\frac{D}{2}\right)^2 - \left(\frac{d}{2}\right)^2\right]$

$W = 8\pi T\left[\frac{D^2}{4} - \frac{d^2}{4}\right], W = 2\pi T\,[D^2 - d^2]$

જ્યાં $D = 2d$, $T = 30$ *dyne* cm^{-1}

$\therefore\ W = 2\pi\,(30)\,(3)$

$W = 180\,\pi$ erg

(58) જવાબ [B]

જ્યારે n નાના બૂંદ ભેગા મળીને R ત્રિજ્યાવાળું મોટું બૂંદ બને છે ત્યારે,

n નાના બૂંદનું કુલ કદ = મોટા બૂંદનું કદ

દરેક બૂંદની ત્રિજ્યા r હોય તો,

$n\,\frac{4}{3}\,\pi r^3 = \frac{4}{3}\,\pi R^3$

$\therefore\ R = n^{\frac{1}{3}}\,r$ (અહીં, $n = 1000$ હોવાથી)

$\therefore\ R = (1000)^{\frac{1}{3}}\,r, R = 10r$

નાના બૂંદ અને મોટા બૂંદની પૃષ્ઠઊર્જાઓનો ગુણોત્તર

$\frac{E_i}{E_f} = \frac{1000\left(4\pi r^2 T\right)}{4\pi R^2 T} = \frac{1000\ r^2}{R^2} = \frac{1000\ r^2}{100 r^2}$

$= 10, E_i : E_f = 10 : 1$

(59) જવાબ [C]

અહીં પરપોટાઓ શૂન્યાવકાશમાં ભેગા થાય છે અને તાપમાનમાં કોઈ ફેરફાર થતો નથી. તેથી પૃષ્ઠઊર્જામાં પણ કોઈ ફેરફાર થશે નહિ, એટલે કે પૃષ્ઠ ક્ષેત્રફળનો કોઈ ફેરફાર થશે નહિ.

$d_1 = 1$ cm $\Rightarrow$ $r_1 = 0.5$ cm

$d_2 = 2$ cm $\Rightarrow$ $r_2 = 1$ cm

તેથી $4\pi r_1^2 + 4\pi r_2^2 = 4\pi R^2$

$R = \sqrt{r_1^2 + r_2^2}$, R = 1.1 cm

(60) **જવાબ [D]**

કેશનળીમાં પાણીની સપાટી અંતર્ગોળ બને અને આ માટે

$P_i - P_0 = \frac{2T}{R}$, $\therefore P_i = P_0 + \frac{2T}{R}$

$= 10^5 + \frac{2 \times 0.07}{0.1 \times 10^{-3}} = 10^5 + 0.14 \times 10^4$

$= 101.4 \times 10^3\ Nm^{-2}$

(61) **જવાબ [C]**

સરોવરના તળિયે પરપોટાનું કદ V_1 અને તેના પરનું દબાણ P_1 છે.

સરોવરની સપાટી પર પરપોટાનું કદ V_2 અને તેના પરનું દબાણ P_2 છે.

$\therefore$ (સરોવરના તળિયે રહેલા પરપોટા માટે P_1V_1)

= (સરોવરની સપાટી પર રહેલા પરપોટા માટે P_2V_2)

$\therefore (P_0 + h\rho g)\, V_1 = P_0V_2$, જ્યાં $V_1 = V$

$V_2 = 4V$

$(P_0 + h\rho g)\, V = P_0\,(4V)$, $h\rho g = 3\,P_0$

$h = \frac{3P_0}{g}$, જ્યાં $P_0 = H \times \rho_{Hg} \times g$

$P_0 = 75 \times 13.6 \times g$, ρ પાણી $= \frac{\rho_{Hg}}{10}$

$= 3\left(\frac{75 \times 13.6 \times g}{\left(\frac{13.6}{10}\right)g}\right)$, $h = 22.5$ m

(62) **જવાબ [B]**

ધારો કે પાણીની ઘનતા ρ = 1 એકમ અને માંગેલી ઉંચાઈ h છે.

વાયુના પરપોટાની ઘનતા σ એકમ છે.

$\therefore \quad (h\sigma g + H\rho g)\, \frac{4}{3}\pi r^3 = h\sigma g \times \frac{4}{3}\pi(3r)^3$

$27\, h\sigma g = h\sigma g + H\rho g$, $26\, h\sigma g = H\rho g$

$26\, h\sigma = H$, $h = \frac{H}{26\sigma}$

(63) **જવાબ [B]**

સળિયા માટે $A_1 = \pi r^2$

નળાકાર કવચ માટે $A_2 = \pi\left((2r)^2 - r^2\right)$

$= 3\pi r^2$, ઉષ્માપ્રવાહ $\frac{Q}{t} = \frac{Q_1}{t} + \frac{Q_2}{t}$

$= \frac{k_1A_1(T_1 - T_2)}{L} + \frac{k_2A_2(T_1 - T_2)}{L}$

$\frac{Q}{t} = \frac{k_1\left(\pi r^2\right)(T_1 - T_2)}{L} + \frac{k_2\left(3\pi r^2\right)(T_1 - T_2)}{L}$ ...(1)

અહીં સંયુક્ત સળિયાનું આડછેદ, $A = \pi(2r)^2 = 4\pi r^2$

$\therefore$ સમતુલ્ય ઉષ્માવાહકતા k_{eq} લઈએ તો,

$\frac{Q}{t} = \frac{k_{eq}\left(4\pi r^2\right)(T_1 - T_2)}{L}$ ...(2)

$\therefore$ સમીકરણ (1) અને (2) સરખાવતા

$4k_{eq} = k_1 + 3k_2$, $\therefore k_{eq} = \frac{2k + 3k}{4} = \frac{5k}{4}$

(64) **જવાબ [C]**

આકૃતિમાં બતાવ્યા પ્રમાણે અક્ષથી r અંતરે dr જાડાઈનો એક સૂક્ષ્મખંડ પસંદ કરો. આ સૂક્ષ્મખંડની અંદર અને બહારનાં તાપમાનોનો તફાવત ધારો કે dT છે.

$\therefore$ ઉષ્માવાહકતા $H = kA\,\frac{dT}{dr}$, $H = \frac{K(2\pi rL)}{dr}\,dT$

$\frac{dr}{r} = k\,\frac{2\pi L}{H}\,dT$, સંકલન કરતા

$\int_{r_1}^{r_2} \frac{1}{r}\,dr = \frac{2\pi kL}{H} \int_{T_1}^{T_2} dT$

$ln\left(\frac{r_2}{r_1}\right) = \frac{2\pi kL}{H} \times (T_2 - T_1)$

$ln\left(\frac{4}{2}\right) = \frac{2 \times 3.14 \times 69.3 \times 0.5(200 - 0)}{H}$

$H = 6.28 \times 10^4\ Js^{-1}$

(65) **જવાબ [A]**

ચોસલું 2 અને ચોસલું 3 શ્રેણી-જોડાણમાં છે.

$\therefore$ સમતુલ્ય ઉષ્માવાહકતા $k_{23} = \frac{2k_2k_3}{k_2 + k_3}$

હવે આ 2 અને 3 નું સંયુક્ત ચોસલું તથા 1 અને 4 ત્રણે સમાંતર જોડાણમાં છે.

$\therefore$ સમાંતર જોડાણની સમતુલ્ય ઉષ્માવાહકતા,

$k = \frac{k_1A_1 + k_{23}A_{23} + k_4A_4}{A_1 + A_{23} + A_4}$

$= \frac{k_1\left(x^2\right) + k_{23}\left(2x^2\right) + k_4\left(x^2\right)}{x^2 + 2x^2 + x^2}$

$= \frac{k_1 + 2k_{23} + k_4}{4} = \frac{k_1 + \frac{4k_2k_3}{k_2 + k_3} + k_4}{4}$

$$k = \frac{(k_1 + k_4)(k_2 + k_3) + 4k_2k_3}{4(k_2 + k_3)}$$

(66) જવાબ [C]

ચોસલું (1) અને (2) સમાંતર જોડાણમાં છે.

∴ સમતુલ્ય ઉષ્માવાહકતા

$$k_{12} = \frac{k_1A_1 + k_2A_2}{A_1 + A_2} = \frac{k(2x^2) + 2k(x^2)}{2x^2 + x^2}$$

$$k_{12} = \frac{4kx^2}{3x^2} = \frac{4}{3}k \quad ...(1)$$

તે જ રીતે ચોસલું (3) અને (4) સમાંતરમાં છે.

સમતુલ્ય ઉષ્માવાહકતા

$$k_{34} = \frac{k_3A_3 + k_4A_4}{A_3 + A_4} = \frac{2k(2x^2) + k(x^2)}{2x^2 + x^2}$$

$$= \frac{5kx^2}{3x^2}, k_{34} = \frac{5k}{3} \quad ...(2)$$

હવે, સમગ્ર ચોસલા માટે 1 અને 2 નું સંયોજન તથા 3 અને 4 નું સંયોજન એકબીજા સાથે શ્રેણી-જોડાણમાં છે.

∴ સમતુલ્ય ઉષ્માવાહકતા

